**KKE-6310** Seat No.________

# M. A. (Sem. - I) Examination

## November / December - 2014

## Gujarati : Paper - 102

*(Core Course) (Compulsory)*

*(સાહિત્યકળાની વિભાવના અન્વયે પ્રશિષ્ટ કૃતિઓનો અભ્યાસ)*

Time : 3 Hours] [Total Marks : **70**

**સૂચના :** પ્રશ્નપત્રની જમણી બાજુએ આપેલ અંક જે-તે પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

૧ આશરે ત્રણસો શબ્દોમાં ઉત્તર લખો : ૧૪

(ક) 'પ્રશિષ્ટ કૃતિ'ની વ્યાખ્યા સ્પષ્ટ કરી, તેની મહત્ત્વની લાક્ષણિકતાઓ જણાવો.

અથવા

૧ (ક) અર્વાચીન ગુજરાતી સાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓ વિશે વિગતપૂર્ણ નોંધ લખો.

૨ આશરે ત્રણસો શબ્દોમાં ઉત્તર લખો : ૧૪

(ક) મધ્યકાળની પ્રશિષ્ટ કૃતિ તરીકે 'અખેગીતા'નું મૂલ્યાંકન કરો.

અથવા

(ક) 'અખેગીતા'ને ધ્યાનમાં રાખી અખાની જ્ઞાની અને કવિ તરીકેની વિશેષતાઓ જણાવો.

૩ આશરે ત્રણસો શબ્દોમાં ઉત્તર લખો : ૧૪

(ક) "સરસ્વતીચંદ્ર'ના પહેલા ભાગમાં તેમણે પોતાની શક્તિ ઠાલવી. નવલકથાનો રસ પહેલામાં ભરેલો છે. ચરિત્ર ચિત્રણ એના જેવું ક્યાંય નથી" - આ વિધાનની યથાર્થતા ચર્ચો.

અથવા

૩ (ક) 'સરસ્વતીચંદ્ર (ભાગ-૧)'ને ધ્યાનમાં રાખી ગોવર્ધનરામના ગદ્યની લાક્ષણિકતાઓ સદૃષ્ટાંત વર્ણવો.

૪ (ક) અને (ખ)માંથી એક-એક વિશે બસો શબ્દોમાં નોંધ લખો : ૧૪

(ક) (૧) 'અખેગીતા'નાં પદો

(૨) 'અખેગીતા'માં આવતાં દૃષ્ટાંતો.

(ખ) (૧) 'સરસ્વતીચંદ્ર (ભાગ-૧)'ની વસ્તુસંકલના.

(૨) 'બુદ્ધિધનનો કારભાર' - ઉપશીર્ષકની યથાર્થતા.

૫ કોઈ પણ **સાત** પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : ૧૪

(૧) પ્રશિષ્ટ કૃતિની મહત્ત્વની ચાર વિશેષતાઓ લખો.

(૨) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની ચાર પ્રશિષ્ટ કૃતિઓ અને તેના કર્તાનાં નામ જણાવો.

(૩) ભારતીય અને વિશ્વ સાહિત્યની બે-બે પ્રશિષ્ટ કૃતિઓ અને તેના સર્જકનાં નામ લખો.

(૪) 'અખેગીતા'માં 'ભક્તિ-પંખણી'ના દૃષ્ટાંત દ્વારા અખો શું સમજાવે છે ?

(૫) 'અભિનવો આનંદ આજ...' એ પદમાં અખો શેની વાત કરે છે ?

(૬) 'અમો મગણ-જગણ નથી જાણતા' - અખો આવું કેમ કહે છે ?

(૭) 'અખેગીતા'ના આરંભ વિશે ટૂંકમાં જણાવો.

(૮) સદ્ગુરુનો મહિમા ગાતાં અખો શું કહે છે ?

(૯) 'સરસ્વતીચંદ્ર (ભાગ-૧)'ની પાત્રસૃષ્ટિની વિશેષતાઓ લખો.

(૧૦) 'સરસ્વતીચંદ્ર (ભાગ-૧)'ના અંત વિશે ટૂંકમાં લખો.

(૧૧) ગૃહત્યાગ કરીને જતા સરસ્વતીચંદ્રએ ચંદ્રકાંતને ચિઠ્ઠીમાં શું લખ્યું હતું ?

(૧૨) સરસ્વતીચંદ્ર પ્રથમ મિલને જ કુમુદથી ખૂબ આકર્ષાયો હતો, એવું કઈ રીતે કહી શકાય ?

---